**રાજ્ય સલાહકાર પરિષદની રચના કરવા બાબત.**

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક :-પીઆરઇ-૧૨૨૦૧૨-૬૯૫૪૪૫-ક
સચિવાલય ગાંધીનગર.
તા.૨૧/03/૨૦૧૩.

વંચાણે લીધાઃ-

(૧) "ધી રાઇટ ઓફ ચીલ્ડ્રન ટુ ફ્રી એન્ડ કમ્પલસરી એજયુકેશન એકટ-૨૦૦૯"ની કલમ-૩૪
(૨) શિક્ષણ વિભાગના જાહેરનામુ ક્રમાંકઃ-જીએચ-એસએચ-૬ ક્રમાંકઃ-પીઆરઇ-૧૨૨૦૧૦-G0I-૧૦-ક. તા.૧૮-૨-૨૦૧૨

**આમુખઃ-**

ભારત સરકાર દ્વારા ૬ થી ૧૪ વર્ષના તમામ બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણ પૂરું પાડવા માટે સંદર્ભ-(૧) માં દર્શાવેલ કાયદો પસાર કરેલ છે આ કાયદાના અમલીકરણ માટે રાજય સરકાર દ્વારા સંદર્ભ-(૨) માં દર્શાવેલ જાહેરનામાથી ગુજરાત આર.ટી..ઇ. રૂલ્સ-૨૦૧૨ તા.૧૮-૨-૨૦૧૨ થી બહાર પાડેલ છે.

૨. ભારત સરકારનો સંદર્ભ-(૧) માં દર્શાવેલ (RTE) આરટીઇ અધિનિયમ-૨૦૦૯ની કલમ-(૩૪) અને ગુજરાત સરકાર દ્વારા સંદર્ભ-(૨) થી પસાર કરેલ નિયમો અનુસાર આર.ટી.ઇ. એકટની જોગવાઇઓના અમલીકરણ માટે રાજય સરકારને સલાહ આપવા માટે રાજય સલાહકાર પરિષદની રચના કરવા માટે આ નિયમોના નિયમ-(૩૩) હેઠળ જોગવાઇ કરવામાં આવેલ છે જે લક્ષમાં લઇ રાજય સલાહકાર પરિષદની રચના કરવાની બાબત રાજય સરકારની સક્રિય વિચારણા હેઠળ હતી. રાજય સરકાર પુખ્ત વિચારણાને અંતે આર.ટી.ઇ. એકટ-૨૦૦૯ ની કલમ-(૩૪) અને ગુજરાત આર.ટી.ઇ. રૂલ્સ-૨૦૧૨ ના નિયમ-33 અનુસાર રાજયમાં નીચે જણાવ્યા મુજબની રાજય સલાહકાર પરિષદની રચના કરવાનું ઠરાવે છેઃ-

**ઠરાવઃ-**

આર.ટી.ઇ. એકટ ૨૦૦૯ અને તે હઠળ રાજય સરકારે બનાવેલા નિયમોના (સંદર્ભ-૨ મુજબ) અમલીકરણ બાબતે રાજય સરકારને સલાહ સૂચન આપવા માટે રાજય કક્ષાએ નીચે મુજબની રાજય સલાહકાર પરિષદની આથી રચના કરવામાં આવે છેઃ-

| | | |
|---|---|---|
| (૧) | માન.મંત્રીશ્રી (શિક્ષણ) | અધ્યક્ષશ્રી |
| (૨) | માન. રા.ક. મંત્રીશ્રી(શિક્ષણ) | સભ્યશ્રી |
| (3) | અગ્ર સચિવશ્રી, નાણાં વિભાગ | ,, |
| (૪) | સચિવશ્રી / અગ્ર સચિવશ્રી આદિજાતિ વિકાસ વિભાગ | ,, |

(૫) સચિવશ્રી / અગ્ર સચિવશ્રી સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ — સભ્યશ્રી

(૬) સચિવશ્રી / અગ્ર સચિવશ્રી(પ્રા.શિ.), શિક્ષણ વિભાગ — ,,

(૭) સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટરશ્રી, ગુજરાત પ્રાથમિક શિક્ષણ પરિષદ(SSA). — ,,

(૮) નિયામકશ્રી, ગુજરાત સંશોધન અને તાલીમ પરિષદ. — ,,

(૯) પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી, ગુજરાત રાજય. — સભ્ય સચિવશ્રી

૨. રાજય સરકાર દ્વારા ઉપર્યુકત દર્શાવેલ સભ્યો ઉપરાંત અન્ય સાત બિન સરકારી સભ્યોની નિમણૂક હવે પછી કરવામાં આવશે.

3. પરિષદના કામકાજની કાર્યરીતિ ગુજરાત આર.ટી.ઇ. રૂલ્સ-૨૦૧૨ ના નિયમ-33(૬) અનુસાર નીચે મુજબની રહેશેઃ-

a) પરિષદ નિયમિત રીતે, અધ્યક્ષ નકકી કરે તે સમયે મળશે. પરંતુ બે બેઠક વચ્ચેનો સમયગાળો ત્રણ માસથી વધુ ન હોવો જોઇએ.

b) અધ્યક્ષશ્રી કોઇ કારણસર પરિષદની બેઠકમાં હાજર ન રહી શકે તો તે, આવી બેઠકનું પ્રમુખ સ્થાન લેવા માટે, પરિષદના કોઇ સભ્યનું નામ નિયુકત કરી શકશે.

c) પરિષદમાં ઓછામાં ઓછા ૫૦ ટકા સભ્યો હોય તો તે બેઠકનું કોરમ પૂર્ણ ગણાશે.

૪. કાઉન્સિલના સભ્યોની નિમણૂક માટેની બોલીઓ અને શરતો બાળકોના મફત અને ફરજિયાત શિક્ષણનો અધિકાર અધિનિયમ હેઠળના ગુજરાત આર.ટી.ઇ. રૂલ્સ-૨૦૧૨ ના નિયમ-33(૭) મુજબ રહેશે.

૫. આ પરિષદ રાજય સરકારના વખતો વખતના આદેશો અને સૂચનાઓ મુજબ રાજય સરકારને આર.ટી.ઇ. એકટ-૨૦૧૨ ના નિયમ-(૩૪) મુજબ પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે સલાહ સૂચનો આપશે.

૬. પરિષદના બિન સરકારી સભ્યોને પરિષદના કામે પ્રવાસ કરવા માટે નાણા વિભાગના તા.૧૮-૯-૨૦૦૮ ના ઠરાવ ક્રમાંક:MSB/102008/220/CH મુજબ પ્રવાસ ભથ્થુ મળવાપાત્ર છે.

૭. આ હૂકમો નાણા વિભાગની આ વિભાગની ફાઇલ ઉપર તા.૧૧-૧-૨૦૧૩ ની નોંધથી મળેલ સંમતિ તેમજ સરકારશ્રીની તા.૧૬-૩-૨૦૧૩ ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(અનંત પટેલ)
નાયબ સચિવ (પ્રાથમિક શિક્ષણ)
શિક્ષણ વિભાગ.

પ્રતિ,

- માન.રાજયપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
- માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- તમામ માન.મંત્રીશ્રીઓ/રાજય કક્ષા મંત્રીશ્રીઓ/માન.સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

- અગ્રસચિવશ્રી **(શિક્ષણ)ના અંગત સચિવશ્રી, શિક્ષણ**, સચિવાલય, ગાંધીનગર
- અગ્રસચિવશ્રી **(પ્રા.શિક્ષણ)ના અંગત સચિવશ્રી, શિક્ષણ**, સચિવાલય, ગાંધીનગર
- સચિવાલયના તમામ વિભાગો, ગાંધીનગર
- કમિશ્નરશ્રી, મધ્યાહ્ન ભોજન યોજના અને શાળાઓની કચેરી ગાંધીનગર.
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી, ગાંધીનગર.
- સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટર, સર્વ શિક્ષા અભિયાન, સેકટર-૧૭, ગાંધીનગર.
- નિયામકશ્રી, નિરંતર શિક્ષણ, ગુજરાત રાજય, ગાંધીનગર.
- નિયામકશ્રી, જી.સી.ઇ.આર.ટી., ગુજરાત રાજય, ગાંધીનગર.
- નિયામકશ્રી, પાઠય પુસ્તક મંડળ, ગુજરાત રાજય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગુજરાત રાજય, ગાંધીનગર.
- તમામ મ્યુનિસિપલ કમિશનરશ્રીઓ
- તમામ જિલ્લા વિકાસ અધિકારીઓ
- તમામ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓ/ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ
- સર્વ શાસનાધિકારીશ્રી, મહાનગરપાલિકા, નગરપાલિકા અને નગર પંચાયત
- એકાઉન્ટન્ટ જનરલ, રાજકોટ/અમદાવાદ.
- માહિતી નિયામક, ગુજરાત રાજય, ગાંધીનગર તરફ રાજયના અગ્રણી દૈનિક અખબારોમાં પ્રસિધ્ધ અર્થે.
- કોમ્પ્યુટર સેલ શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ આ ઠરાવ વિભાગની વેબસાઇટ પર મૂકવા માટે
- શિક્ષણ વિભાગના તમામ અધિકારીઓ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- શિક્ષણ વિભાગની સર્વે શાખાઓ, સચિવાલય, ગાંધીનગર
- સીલેકટ ફાઇલ.